ટેકનીકલ શિક્ષણ અંતર્ગતના Admission Committee for Professional Courses (ACPC) અને Admission Committee for Professional Diploma Courses (ACPDC) દ્વારા સરકારી / અનુદાનિત / સ્વ-નિર્ભર સંસ્થાઓ ખાતે પ્રોફેશનલ અભ્યાસક્રમોના પ્રવેશમાં ૧૦% EWSની અમલવારી બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-પવશ/૧૦૨૦૧૯/૭૮૮/સ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૬/૨૦૧૯

વંચાણે લીધા-

(૧) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૦૮/૦3/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક-પરચ/૧૦૨૦૧૯/૧૨૯/ર
(૨) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક-ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦3/અ.

આમુખ:

ભારતના બંધારણના આર્ટીકલ ૧૫ અને ૧૬ ની જોગવાઇ અનુસાર, સહાયક અનુદાન મેળવતી કે સહાયક અનુદાન ન મેળવતી હોય તે સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ માટે ૭%, અનુસૂચિત જનજાતિ માટે ૧૫% અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ૨૭% જગ્યાઓ અનામત રાખવામાં આવતી હતી. ભારતની સંસદ દ્વારા બંધારણ(એકસો ત્રણમો સુધારો) અધિનિયમ-૨૦૧૯ થી, બંધારણના આર્ટીકલ ૧૫ અને ૧૬ માં કરવામાં આવેલ સુધારા મુજબ સહાયક અનુદાન મેળવતી કે સહાયક અનુદાન ન મેળવતી હોય તે સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે તેમજ મુલકી સેવા અને જગ્યાઓ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાતવર્ગો માટે રાખવામાં આવતી અનામત જગ્યાઓ ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગ (Economically Weaker Sections)ના નાગરિકોને પણ અનામતનો લાભ મળે તેવી જોગવાઇ કરવામા આવી છે. આ બંધારણીય સુધારાનો અમલ તા.૧૪/૦૧/૨૦૧૯ થી કરવામાં આવેલ છે.

ભારતની સંસદ દ્વારા પસાર કરવામાં આવેલ બંધારણીય સુધારા અને ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવને અનુલક્ષીને શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા.૦૮/૦3/૨૦૧૯ ના ઠરાવથી સહાયક અનુદાન મેળવતી કે સહાયક અનુદાન ન મેળવતી હોય તે સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની પ્રવર્તમાન પ્રથા મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections)ના બાળકોને પ્રવેશ આપવા માટે ૧૦ ટકા અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ હતું. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના તા.૦૮/૦3/૨૦૧૯ ના ઠરાવ અનુસંધાને ટેકનીકલ શિક્ષણ અંતર્ગતના Admission Committee for Professional Courses (ACPC) અને Admission Committee for

Professional Diploma Courses (ACPDC) દ્વારા સરકારી / અનુદાનિત / સ્વ-નિર્ભર સંસ્થાઓ ખાતે પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections)ના વિદ્યાર્થીઓને ૧૦ ટકા અનામતની અમલવારી માટે બેઠકો વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે, ટેકનીકલ શિક્ષણ અંતર્ગતના Admission Committee for Professional Courses (ACPC) અને Admission Committee for Professional Diploma Courses (ACPDC) દ્વારા સરકારી / અનુદાનિત / સ્વ-નિર્ભર સંસ્થાઓના પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં Sanctioned Intake (મંજુર બેઠકો)માં આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે અનામતની અમલવારી માટે અનામત કેટેગરીની બેઠકોની ટકાવારીમાં અને બિન-અનામત વર્ગની બેઠકોની સંખ્યામાં કોઈ ઘટાડો થાય નહિ તે રીતે હાલની Sanctioned Intake માં વધારો કરી Economically Weaker Section (EWS) કેટેગરી માટે ૧૦% અનામતનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.

૨. પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે સ્વનિર્ભર સંસ્થાઓ/પ્રાઈવેટ યુનિવર્સિટીની ૭૫% બેઠકો અથવા જે સ્વનિર્ભર સંસ્થાઓ/પ્રાઈવેટ યુનિવર્સિટી માટે ખાસ જોગવાઈ (Special Provision) રાખવામાં આવેલ બેઠકોની સંખ્યામાં ૨૫% બેઠકો વધારીને EWS કેટેગરીમાં ૧૦% અનામતની જોગવાઈ બાબતે અમલવારી કરવાની રહેશે.

3. ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ-2007 ગુજરાત એક્ટ નં. 2/2008 હેઠળની સરકારી/ અનુદાનિત સંસ્થાઓની Sanctioned Intake માં ૨૫% વધારો કરવાનો રહેશે અને તે પ્રમાણે સંબંધિત વૈધાનિક સંસ્થાઓની મંજુરી મેળવી લેવાની રહેશે.

૪ ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ-2007 ગુજરાત એક્ટ નં. 2/2008 હેઠળની સ્વનિર્ભર સંસ્થાઓમાં ACPC તથા ACPDC દ્વારા ફાળવવામાં આવતી "Government Seats" ની સંખ્યાના ૨૫% બેઠકો વધારવાની રહેશે અને તે પ્રમાણે સ્વનિર્ભર સંસ્થાઓએ સંબંધિત વૈધાનિક સંસ્થાઓની મંજુરી મેળવી લેવાની રહેશે.

૫. પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં ઇજનેરી / ફાર્મસીના ડીગ્રી / ડિપ્લોમા, આર્કીટેક્ચર / પ્લાનીંગ, હોટેલ મેનેજમેન્ટ, એમ.ઇ. / એમ.ટેક., એમબીએ, એમસીએ, એમ.ફાર્મ. અને એમ. પ્લાન જેવા પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં ACPC તથા ACPDC દ્વારા ફાળવવામાં આવતી "Government Seats" ની સંખ્યાના ૨૫% બેઠકોના વધારા માટે સંબંધિત પ્રાઇવેટ યુનિવર્સિટીઓએ તેમની સક્ષમ સત્તાની મંજુરી મેળવી લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. પી. મેનપરા)
ઉપસચિવ (ટેકનિકલ શિક્ષણ)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ✓ કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (મધ્યાહ્ન ભોજન), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીંનગર
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ/સંકલન), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (સેવા/તપાસ), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (ટેકનીકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (અપીલ), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સર્વે ઉપસચિવશ્રીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સેક્શન અધિકારીશ્રીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ